# ઇન્વેસ્ટમેન્ટ/પોર્ટફોલિયો મેનેજર

પોર્ટફોલિયો મેનેજર્સ નાણાં કે મૂડીને લગતા રોકાણો સંબંધિત નિર્ણયો લેનારા છે. તેઓ વ્યક્તિઓ અને સંસ્થાઓ માટે રોકાણની વ્યૂહરચના તૈયાર કરે છે. પોર્ટફોલિયો મેનેજર્સ નક્કી કરે છે કે સંપત્તિનું રોકાણ ક્યાં, કેવી રીતે અને ક્યારે કરવું.

## વ્યક્તિગત નિપુણતા

- તમે સાવચેત અને સુવ્યવસ્થિત રીતે કાર્ય કરનાર વ્યક્તિ છો
- તમે આવક અને ખર્ચનો ચોક્કસ રેકોર્ડ રાખી શકો છો
- તમને સંખ્યાઓ સાથે કામ કરવું ગમે છે
- તમને સમસ્યાઓ હલ કરવી ગમે છે



ફી

આ અભ્યાસક્રમની ફી આશરે રૂ. ૧,૦૦,૦૦૦ થી ૩,૦૦,૦૦૦* જેટલી હોય છે.

*આ અંદાજિત રકમ છે અને વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ મુજબ તેમાં ફેરફાર હોય શકે છે.

## શિષ્યવૃત્તિ

- **રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ પોર્ટલ** - **www.scholarships.gov.in** ની મુલાકાત લો. આ પોર્ટલ હેઠળ કેન્દ્ર સરકારના વિવિધ વિભાગો, UGC/AICTE યોજનાઓ તેમજ રાજ્ય દ્વારા અમલમાં મુકવામાં આવેલી યોજનાઓ દ્વારા આપવામાં આવતી સહાય અંગેની માહિતી ઉપલબ્ધ છે.*
- ઉપલબ્ધ શિષ્યવૃત્તિની વિગતો માટે **digitalgujarat.gov.in** ની મુલાકાત લો. ધોરણ XI થી શરૂ થતી શિષ્યવૃત્તિ માટે આ એક પ્રવેશદ્વાર છે.*
- યોગ્યતાના આધારે સંસ્થાઓમાં પણ શિષ્યવૃત્તિ ઉપલબ્ધ છે.*

*(આ શિષ્યવૃત્તિની ઉપલબ્ધતા સમયાંતરે બદલાઈ શકે છે)

## લોન

- વિદ્યાલક્ષ્મી, **www.vidyalakshmi.co.in**, શૈક્ષણિક લોન મેળવવા માંગતા વિદ્યાર્થીઓ માટેનું એક પોર્ટલ છે. આ પોર્ટલ નાણાકીય સેવા વિભાગ, (નાણાં મંત્રાલય), ઉચ્ચ શિક્ષણ વિભાગ (શિક્ષણ મંત્રાલય) અને ઇન્ડિયન બેંક્સ એસોસિએશન (IBA)ના માર્ગદર્શન હેઠળ વિકસાવવામાં આવેલ છે.
- કેટલાક રાજ્યોમાં ઓછા વ્યાજ દરો સાથે વિદ્યાર્થી ક્રેડિટ કાર્ડ ઉપલબ્ધ છે, ઉદાહરણ તરીકે, પશ્ચિમ બંગાળ, ઓડિશા, બિહાર, વગેરે.
- તમામ બેંકો શૈક્ષણિક લોન આપે છે.

## પ્રવેશ માટે...

૧. વાણિજ્ય પ્રવાહમાં ધો. ૧૨ પૂર્ણ કરો.

૨. ફાઈનાન્સ અથવા અન્ય સંબંધિત ક્ષેત્રમાં સ્નાતકનો અભ્યાસ કરો અને ત્યારબાદ ફાઈનાન્સ/ફાઈનાન્સિયલ મેનેજમેન્ટ અથવા કોઈપણ ફાઈનાન્સ સંબંધિત વિષયોમાં તજજ્ઞતા સાથે એમ.બી.એ. કરો.

**અથવા**

સ્નાતકની પદવી પૂર્ણ કર્યા બાદ સમાન અથવા સંબંધિત ક્ષેત્રમાં અનુસ્નાતકની પદવી પ્રાપ્ત કરો.

કૃપા કરીને નોંધણી દરમિયાન અભ્યાસક્રમનો સમયગાળો તપાસો

## અપેક્ષિત આવક

*અહી આપેલ આંકડાઓ ફક્ત સૂચક છે અને ફેરફારને પાત્ર છે

પોર્ટફોલિયો મેનેજરનો અંદાજિત પગાર દર મહિને રૂ. ૪૦,૦૦૦ થી ૩,૩૫,૦૦૦* જેટલો અથવા તેથી વધુ હોય છે.

સ્રોતઃ https://www.payscale.com/research/IN/Job=Portfolio_Manager/Salary

## તમે ક્યાં કામ કરશો?

**કાર્યસ્થળ :** ઈન્વેસ્ટમેન્ટ બેંકો, મ્યુચ્યુઅલ ફંડ કંપનીઓ, વીમા કંપનીઓ, ઈન્વેસ્ટમેન્ટ ફર્મ્સ, એસેટ મેનેજમેન્ટ કંપનીઓ વગેરે.

**ઉદ્યોગ સાહસિકતા:** તમે ફ્રીલાન્સ રીતે કાર્ય કરવાનું પસંદ કરી શકો છો અને તમારા પોતાના ગ્રાહકો ધરાવી શકો છો

**કાર્યસ્થળનું વાતાવરણ:** તે ડેસ્ક જોબ છે. સિવાય કે તમે ફ્રીલાન્સ કામગીરી કરવાનું પસંદ કરો છો. તમારે અઠવાડિયામાં ૫ થી ૬ દિવસ અને દરરોજ ૧૦ થી ૧૨ કલાક કામ કરવું પડશે. સંસ્થા મુજબ કામકાજના કલાકોમાં ફેરફાર હોય શકે છે.

આ ક્ષેત્રમાં દિવ્યાંગ લોકો માટે કામ કરવાની તકો ઉપલબ્ધ છે

## અપેક્ષિત પ્રગતિ પથ

ટ્રેઈની એનાલિસ્ટ → જુનિયર એનાલિસ્ટ → સિનિયર એનાલિસ્ટ → લીડ એનાલિસ્ટ → ફંડ મેનેજર

**અથવા**

મેનેજમેન્ટ ટ્રેઈની → મેનેજર → સિનિયર મેનેજર → આસિસ્ટન્ટ વાઈસ પ્રેસિડેન્ટ → એસોસિયેટ વાઈસ પ્રેસિડેન્ટ → વાઈસ પ્રેસિડેન્ટ → પ્રેસિડેન્ટ

**અથવા**

એસોસિયેટ કન્સલ્ટન્ટ → સિનિયર કન્સલ્ટન્ટ → લીડ કન્સલ્ટન્ટ → એસોસિયેટ વાઈસ પ્રેસિડેન્ટ → વાઈસ પ્રેસિડેન્ટ

**સર્ચ માટેના કીવર્ડ્સ ...**

એકાઉન્ટન્ટ, આસિસ્ટન્ટ એકાઉન્ટન્ટ, એકાઉન્ટીંગ ઓફિસર

## તમે અભ્યાસ ક્યાં કરશો?

**આ અભ્યાસક્રમ ડિપાર્ટમેન્ટ ઓફ ફાયનાન્સ/બેંકિંગ/બિઝનેસ એનાલિસિસ દ્વારા દ્વારા ચલાવવામાં આવે છે.** સંસ્થાઓની આ યાદી માત્ર સૂચક છે.

**સરકારી સંસ્થાઓ**

૧. ઈન્સ્ટિટ્યુટ ઓફ કોસ્ટ એકાઉન્ટન્ટ્સ ઓફ ઈન્ડિયા
૨. ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઓફ મેનેજમેન્ટ, અમદાવાદ
૩. ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઓફ મેનેજમેન્ટ, કોલકોત્તા
૪. ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઑફ મેનેજમેન્ટ, કોઝિકોડ
૫. ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઓફ મેનેજમેન્ટ, ઈન્દોર
૬. ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઓફ મેનેજમેન્ટ, લખનૌ
૭. ફેકલ્ટી ઓફ મેનેજમેન્ટ સ્ટડીઝ, દિલ્હી યુનિવર્સિટી
૮. ડિપાર્ટમેન્ટ ઓફ મેનેજમેન્ટ સ્ટડીઝ, ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઓફ ટેકનોલોજી

**ખાનગી સંસ્થાઓ**

(અરજી કરતા પહેલા તપાસ કરો કે શું સંસ્થા યુ.જી.સી. સાથે સંલગ્ન અને માન્યતા પ્રાપ્ત છે)

૧. ઝેવિયર સ્કૂલ ઓફ મેનેજમેન્ટ, જમશેદપુર
૨. મેનેજમેન્ટ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યુટ (સ્ઢૈં), ગુડગાંવ
૩. એસ.પી.જે.આઇ.એમ.આર., મુંબઈ
૪. ટી. એ. પાઇ મેનેજમેન્ટ ઈન્સ્ટિટ્યુટ, મણિપાલ
૫. પારૂલ યુનિવર્સિટી, વડોદરા
૬. આઈ.બી.એસ. બિઝનેસ સ્કૂલ, હૈદરાબાદ
૭. ગોવા ઈન્સ્ટિટ્યુટ ઓફ મેનેજમેન્ટ
૮. ઈન્સ્ટિટ્યુટ ઓફ મેનેજમેન્ટ ટેકનોલોજી, ગાઝિયાબાદ

સંસ્થાઓના રેન્કિંગની માહિતી અહીં ઉપલબ્ધ છે – https://www.nirfindia.org/2022/Ranking.html

**ડિસ્ટન્સ લર્નિંગ ઈન્સ્ટિટ્યુટ**

ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી (IGNOU)

**ઓનલાઈન અભ્યાસક્રમો**

- NPTEL* સ્વયમ: https://swayam.gov.in/explorer?searchText=accountancy
- https://www. NSE Academy : www.nscindia.com
- www.ncs.gov.in

* એન.પી.ટી.ઈ.એલ.- નેશનલ પ્રોગ્રામ ઇન ટેકનોલોજી એન્હાન્સ્ડ લર્નિંગ. તે ભારત સરકાર દ્વારા તૈયાર કરાવવામાં આવેલ છે જે ઓડિયો-વિડીયો સ્વરૂપમાં વિવિધ અભ્યાસક્રમો ઉપલબ્ધ કરાવે છે.

મને સ્કેન કરો

વેબસાઇટ પર જુઓ

## સાફલ્ય ગાથા

**હરિની દેધિયા** એ તમોહરા ઇન્વેસ્ટમેન્ટ મેનેજર્સ, મુંબઈમાં પોર્ટફોલિયો મેનેજર છે. તેણીએ ન્યુયોર્ક યુનિવર્સિટીમાંથી અર્થશાસ્ત્ર, રાજકીય વિજ્ઞાન અને એડવાન્સ્ડ મેથેમેટિક્સમાં સ્નાતકની પદવી પ્રાપ્ત કરી છે. અમેરિકામાં હેજ ફંડમાં ૨ વર્ષના અનુભવ અને ત્યારબાદ ભારતીય મૂડી બજારોના અનુભવ સહિત તેઓ વર્ષ ૨૦૧૩ થી મૂડી બજાર સાથે સંકળાયેલા છે.*

સ્રોત: https://www.livemint.com/money/personal-finance/from-rokda-of-firm-to-having-sparring-partner-fund-manager-harini-dedhia-shares-investment-tips-tamohara-investment-11671249391054.html

*ઉપરોક્ત માહિતી ફક્ત તાલીમ હેતુઓ માટે છે અને તેનો ઉપયોગ કોઈપણ વ્યાવસાયિક લાભ માટે કરવામાં આવશે નહીં.